સ્વર્ણિમ ગુજરાત વર્ષ નિમિત્તે ગુજરાત રાજયમાં મહિલાઓના સશક્તિકરણ અને ગરીબોના જીવન ધોરણમાં સુધારો લાવીને માનવ સૂચકઆંક (H.D.I.) માં સુધારો લાવવા માટેના હેતુથી મિશન મંગલમની રચના, ઉદ્દેશો અને વ્યૂહ રચના બાબત.

ગુજરાત સરકાર,
પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંક : આઈડીબી/૧૦૨૦૧૦/મિશન
મંગલમ/૪૦૪/એસએફએસ–૨૧૯૪/ખ–૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ૩૧/૦૩/૨૦૧૦

## પ્રસ્તાવના

માનવ વિકાસ આંકમાં સુધારો લાવવો અને ગુજરાતના ગરીબોના જીવન ધોરણમાં સુધારો લાવવો એ રાજય સરકારની સૌથી ઉંચી અગ્રીમતા છે. હાલ વિવિધ વિભાગો અને એજન્સીઓ મારફત અમલમાં મુકાતા અનેક પ્રકારના આજીવિકા લક્ષી અને ગરીબી નિવારણ કાર્યક્રમો અને યોજનાઓ અમલમાં છે. મહદઅંશે એક જ લક્ષિત લાભાર્થી જૂથને મદદ કરવાના હેતુથી ચાલતા અને અનેક એજન્સીઓ મારફત અમલમાં મુકાતા આવી અનેક યોજનાઓ સંકલિત અને અસરકારક વ્યુહ રચના અને કાર્યરીતિના અભાવના કારણે અપેક્ષિત પરિણામો લાવવામાં સફળ થતા નથી. આવા સંજોગોમાં આજીવિકા લક્ષી કાર્યક્રમોના અસરકારક અમલીકરણ માટે અલાયદા મિશનની રચના કરી સંકલિત કાર્યપધ્ધતિ અમલમાં મુકવા માટેની બાબત રાજય સરકારની સક્રીય વિચારણા હેઠળ હતી. આવી વ્યૂહ રચનામાં આ સમગ્ર વિષયના અવલોકન અને અભ્યાસ કરીને આજીવિકા લક્ષી યોજનાઓ થકી ગરીબ લોકોને સંગઠિત કરી, જાગૃત કરી, કૌશલ્ય તાલીમો આપી, બેંક પાસેથી નાણાંકીય સવલતો અપાવી અને વેચાણ માટે બજાર સાથે જોડીને આવા લાભાર્થીઓને ગરીબીમાંથી બહાર લાવવાનો . પરિણામલક્ષી પ્રયાસો કરવાના ઉદ્દેશ્ય સમાયેલો છે.

તમામ આજીવિકા લક્ષી કાર્યક્રમોના સંકલિત આયોજન અને અમલીકરણથી હયાત યોજનાઓમાં ઉપલબ્ધ નાણાંકીય અને માનવ સંસાધનોનું મહત્તમ ઉપયોગ કરી શકે છે. જેથી, રાજ્ય અને કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓનું મહત્તમ પરિણામ ગરીબ લોકોના મદદ માટે મેળવી શકાય છે. આજીવિકા લક્ષી કામગીરીમાં જોડાયેલ તમામ સંસ્થાઓ, બેંકો, નાણાંકીય સંસ્થાઓ, તાલીમ સંસ્થાઓ, વિવિધ ઔદ્યોગિક ગૃહોના સેવાકીય સંસ્થાઓ, સામાજીક સંસ્થાઓ, અને સૂક્ષ્મ ધિરાણ સંસ્થાઓ વચ્ચે સંકલન લાવવાને અગ્રતા આપવાની જરૂરિયાત છે.

આ તમામ પાસાઓને ધ્યાને લઈને પુખ્ત વિચારણા અંતે રાજય સરકારે એક અલાયદા આજીવિકા મિશનની રચના કરવા માટે નિર્ણય કર્યો છે. આ મિશનને મિશન — મંગલમના નામથી ઓળખ આપવાનું પણ નકકી કર્યુ છે.

## સંસ્થાકીય માળખું

મિશન મંગલમમાં માળખાકીય રીતે દ્વિસ્તરીય વ્યૂહ રચના કરી છે.

૧) રાજય કક્ષાના સલાહકાર કાઉન્સીલ

૨) અમલીકરણ એજન્સી તરીકે કંપની એકટ, ૧૯૫૬ નીચે રજીસ્ટર થયેલી કંપની છે.

રાજય કક્ષાના સલાહકાર કાઉન્સીલના અધ્યક્ષ માન. મુખ્ય મંત્રીશ્રી રહેશે અને ઉપાધ્યક્ષશ્રી તરીકે માન. પંચાયત અને ગ્રામ વિકાસ મંત્રીશ્રી રહેશે. સંબંધિત વિભાગોના મંત્રીશ્રીઓ આ કાઉન્સીલના સભ્યો રહેશે. રાજય સરકાર દ્વારા આ ક્ષેત્રના પ્રખ્યાત અને વિદ્વવાન નિષ્ણાંતો, રોકાણકારો અને નાણાંકીય સંસ્થાઓના ઉચ્ચ અધિકારીઓને આ સલાહકાર કાઉન્સીલમાં પસંદગી કરીને નિમણૂંક આપવામાં આવશે. આ સલાહકાર સમિતિ વર્ષમાં બે વાર મળશે અને મિશન મંગલમ માટે માર્ગદર્શક વ્યૂહ રચના અને દિશા નિર્દેશો આપશે.

અમલીકરણ એજન્સી તરીકે કંપની એકટ, ૧૯૫૬ નીચે ગુજરાત લાઈવ્લીહુડ પ્રોમોશન કંપનીની રચના કરવામાં આવશે. જે રાજય, જિલ્લા, તાલુકા અને ગ્રામ્ય સ્તરથી

કામગીરી કરશે. કંપની દ્વારા આ ક્ષેત્રના નિષ્ણાંતો અને વ્યાવસાયિક તજજ્ઞોને નિમણૂંક આપીને અસરકારક કાર્યપધ્ધતિથી પરિણામ લક્ષી કામગીરી કરવામાં આવશે.

## આવતા ચાર વર્ષ માટેની વ્યૂહ – રચના

૧. મિશન મંગલમના પ્રાથમિક ઉદ્દેશ્ય ગુજરાતના ગરીબ પરિવારોને સંગઠિત કરી, કૌશલ્યવર્ધક તાલીમો આપી, ટેકનોલોજીની મદદ આપી, માર્કેટ સાથે જોડાણ કરી ગરીબીમાંથી એમને બહાર લાવવાનો છે. મિશન દ્વારા રાજયમાં ગરીબી રેખા નીચે જીવતા પરિવારો પૈકી ૫૦% કરતાં વધારે ગરીબી રેખા નીચે જીવતા કુટુંબોને વાર્ષિક રૂ.૩૦,૦૦૦ થી વધુ આવક મેળવતા કરશે.

૨. જી.એલ.પી.સી. ગુજરાતમાં કાર્યરત તમામ સ્વસહાય જૂથ લક્ષી કાર્યક્રમોના અમલીકરણ માટેના કેન્દ્રિય એજન્સી તરીકે કામ કરશે. જી.એલ.પી.સી.ના માધ્યમથી કુલ ૨,૦૦,૦૦૦ જેટલા કુલ સખી મંડળો અને ૫૦,૦૦૦ જેટલા અન્ય સ્વસહાય જૂથોના કાર્યન્વિત કરવામાં આવશે. જેથી ૩૦ લાખ કરતાં વધારે લાભાર્થી બહેનોને મદદ પહોંચાડવામાં આવશે. જે પૈકી ૫૦ % કરતાં વધારે બહેનો ગરીબી રેખા નીચે જીવતા પરિવારોના સભ્યો હશે.

૩. ગ્રામ્ય, કલસ્ટર, તાલુકા અને જિલ્લા કક્ષાએ સ્વસહાય જૂથોનુ ફેડરેશન બનાવીને સામાજીક અને આર્થિક સશકિતકરણ માટે કામગીરી કરવામાં આવશે.

૪. જી.એલ.પી.સી. દ્વારા ૨૦,૦૦૦ કરતાં વધારે ઉત્પાદક જૂથો અને સેવાકીય જૂથોને મદદ કરી એમના ઉત્પાદકતા અને નફાકારકતામાં વધારો કરવામાં આવશે.

૫. જી.એલ.પી.સી.દ્વારા સ્વસહાય જૂથો અને અન્ય જૂથોને કૃષિ, પશુપાલન અને એગ્રો પ્રોસેસીંગ ક્ષેત્ર સાથે જોડીને મહત્તમ આજીવિકા લક્ષી પરિણામો પ્રાપ્ત કરવાના પ્રયાસો કરવામાં આવશે. આ સિવાય ગ્રામ્ય સેવાકીય ક્ષેત્રમાં પણ નવતર પ્રયોગો કરવાની કામગીરી કરશે.

૬. મિશનના તાબા નીચે જી.એલ.પી.સી. દ્વારા આજીવિકા લક્ષી ક્ષેત્ર સાથે સંકળાયેલા તમામ સંસ્થાઓને જોડી, સરકાર, બેંકો, નાણાંકીય સંસ્થાઓ, આજીવિકા લક્ષી સંસ્થાઓ, સૂક્ષ્મ ધિરાણ સંસ્થાઓ, સહકારી દૂધ ઉત્પાદક સંસ્થાઓ, ઔદ્યોગિક સાહસો તમામ સાથે સંકલન રાખી રાજય સ્તરે સરકાર અને જન સમુદાયની સહભાગીતા ( Public-Private Partnership Model ) ના માધ્યમથી ગરીબી દૂર કરવા માટે અસરકારક ભૂમિકા ભજવશે.

આ મિશન મંગલમ અંગેનું ખર્ચ માંગણી ક્રમાંક : ૭૧, મુખ્ય સદર–૨૫૦૧ ગ્રામીણ કાર્યક્રમ, પેટા મુખ્ય સદર–૬૦ અન્ય કાર્યક્રમ, પેટા સદર REM-2 ખાસ રોજગાર કાર્યક્રમ હેઠળ મંજૂર થયેલ ગ્રાન્ટમાંથી મેળવવાનું રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આર.એસ.મણાત)
ઉપ સચિવ,
પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,

પ્રતિ,

- માન. રાજયપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી / માન. રા.ક. મંત્રીશ્રી / માન. સંસદીય સચિવશ્રીના અંગત સચિવશ્રીઓ (તમામ) સચિવાલય, ગાંધીનગર.
- માન. વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નર–વ–અગ્ર સચિવશ્રી, કમિશ્નર ગ્રામ વિકાસની કચેરી, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, (પ્રાથમિક શિક્ષણ) શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- માન. મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી / અગ્ર સચિવશ્રી / સચિવશ્રી (તમામ વિભાગો) સચિવાલય, ગાંધીનગર.